ક્રિ.કેસ નં.૫૪૪૯૨/૧૮

# ઠ રા વ

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે, આરોપીએ તારીખ. ૧૩/૩/૧૮ ના કલાક ૧૪.૦૦ વાગે શાહીબાગ અન્ડરબ્રીજ સર્કલ આગળ જાહેર રોડ ઉપર પોતાની માલીકી ટ્રક નં.જીજે–૧૮–એયુ–૭૩૬૭ ને જાહેરમાં પ્રતિબંધીત જગ્યામાં પાર્ક કરી, મે.પોલીસ કમીશનરશ્રીના જાહેરનામાનો ભંગ કરી, જી.પી.એકટ કલમ–૧૩૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે જે અંગે માધવપુરા પોલીસ સ્ટેશન તરફથી ચાર્જસીટ રજુ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતાં આરોપીને ક્રિ.પ્રો.કો.ક. ૨૦૭ અન્વયે ધોરણસર ચાર્જસીટની તમામ નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આંક–૨ થી આરોપીની પ્લી નોંધતા આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. જેથી મજકુર કામમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે તપાસ કરનાર અમલદારે તેમની આંક–૩ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તારીખ.૧૩/૩/૧૮ ના રોજ હું માધવપુરા પો.સ્ટેશનમાં ફરજ બજાવતો હતો તે દરમ્યાન માધવપુરા પોલીસ સ્ટેશનના પ્રથમ બાતમી નં.૩૧૨૫/૧૮ ની તપાસ પી.એસ.ઓ. ધ્વારા મને સોંપવામાં આવેલી. જે અંગેની તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નીવેદન લઈ તે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જસીટ કરેલું તેમ જણાવે છે જયારે ઉલટ તપાસમાં જણાવે છે કે, તે વાત ખરી છે કે, આ કામે પોલીસ સાહેદ સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદના નીવેદન મેં લીધેલ નથી. તે વાત ખરી છે કે, બનાવ મેં નજરે જોયેલ નથી તેથી હું કહી શકું નહીં કે, આ ટ્રક આરોપીએ જાતે જાહેરમાં પ્રતિબંધીત જગ્યામાં પાર્ક કરેલ હોય, આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન

ફરીયાદીએ આપેલ ફરીયાદમાંની સહી ઓળખી બતાવી અને ફરીયાદ આંક.૪ થી રજુ રાખેલ છે.

(૪) આમ આ સાહેદ પોલીસ સાહેદ છે અને તેઓ રસ ધરાવનાર સાહેદ છે કોઈ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી. તેમજ તપાસ કરનાર અમલદારે બનાવ નજરે જોયેલ નથી, આમ આરોપીએ જી.પી.એકટની કલમ–૧૩૧ મુજબનો ભંગ કરેલાની હકીકત ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરી શકેલ નથી. જેથી આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ સાબીત કરવામાં સદંતર નીષ્ફળ ગયેલ હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

આરોપીને ક્રિ.પ્રો.કો.ક.૨૫૫(૧) અન્વયે જી.પી.એકટની કલમ–૧૩૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ આપેલ જામીન અપીલ પીરીયડ સુધી લંબાવવામાં આવે છે.

ચુકાદો આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૨૦/૬/૨૦૧૮

(એમ.વાય.રાધનપુરવાલા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨, અમદાવાદ
જી.જે.૦૦૭૩૪